# તાલુકા કાર્યવાહક આયોજનની કાર્યપધ્ધતિ

## આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(ATVT) વિકાસ યોજના

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમને સંગીન બનાવવા તાલુકા કક્ષાએ " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(ATVT) યોજના " ની નીતિ અને તે અંગેની ગ્રાન્ટ ફાળવણીની પધ્ધતિ નિયત કરવા બાબત સામાન્ય વહીવટ વિભાગ ના તારીખઃ-૦૬-૦૨-૨૦૧૨ ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૧૧-૪૧૮-ચ થી ઠરાવેલ છે જે નીચે મુજબ છે.

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ થી તાલુકા સરકારનો અભિગમ અપનાવીને સમગ્ર રાજયમાં છેવાડાના લોકોનું જીવન ધોરણ સુધારવા તથા તેમની મૂળભૂત જરૂરીયાતો જેવી કે પીવાના પાણીની યોજના, ગ્રામ્ય આંતરીક રસ્તાઓ, ગટર વ્યવસ્થા તથા ઘન કચરાનો નિકાલ જેવા પાયાગત મૂળભૂત પ્રશ્નો હલ કરવા માટે રૂા.૩૭૫.૨૫ કરોડની જોગવાઈ સાથે " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(ATVT) યોજના " અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવેલ છે. ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જે કામો હાથ ધરવાના થાય છે તે અંગે તાલુકાકક્ષાએ કામોની રજુઆત કરવામાં આવતી હોય છે. યોજનાઓનું અમલીકરણ ગ્રામ્ય કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ થતું હોય છે. આ સંજોગોમાં તાલુકાકક્ષાએ નવી સક્ષમ સમિતિની રચના કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જેથી હાથ ધરવામાં આવનાર કામોનું અસરકારક અમલીકરણ અને નિયંત્રણ હાથ ધરી શકાય. આ સંજોગોમાં તાલુકાકક્ષાએ મોનીંટરીંગ કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી છે. આ યોજના હેઠળ તાલુકાકક્ષાએ નવી સમિતિની રચના કરીને તેમાં જુદા જુદા વિભાગના અધિકારીશ્રીઓનો સમાવેશ કરવામાં આવે તો કામોનું ડુપ્લીકેશન/ઓવરલેપીંગ નિવારી શકાય, Missing Link જાણી શકાય તેમજ ATVTની ગ્રાન્ટનો અસરકારક રીતે ઉપયોગ કરી શકાય. આ સમિતિનું કામ અન્ય સમિતિઓ સાથે સંકલન સાધીને કામોનું આયોજન

કરવાનું રહેશે. આ સમિતિનું નામાભિધાન ATVT યોજના કાર્યવાહક સમિતિ રહેશે. પ્રત્યેક તાલુકા માટે તેનું માળખું નીચે મુજબ નિયત કરવામાં આવ્યું છે.

**<u>ATVT યોજના કાર્યવાહક સમિતિનું માળખું:-</u>**

| | | |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | તાલુકાના ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| ૩ | તાલુકા પંચાયતના પ્રમુખશ્રી | સભ્ય |
| ૪ | મામલતદારશ્રી | સભ્ય |
| ૫ | પ્રાયોજના અધિકારીશ્રી | સભ્ય |
| ૬. | ડેપ્યુટી એન્જીનીયર રસ્તા/જળસંપત્તિ/ પાણીપુરવઠા | સભ્ય |
| ૭ | ડેપ્યુટી એન્જીનીયર(વિદ્યુત) | સભ્ય |
| ૮ | મેડીકલ ઓફિસર(સી.એસ.સી/પી.એચ.સી.) | સભ્ય |
| ૯ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યસચિવ |
| ૧૦ | સરકારશ્રી તરફથી નિમણૂંક કરવામાં આવનાર ત્રણ સભ્યો | સભ્ય |
| ૧૧ | સંશોધન અધિકારીશ્રી | સભ્ય |

**નોંધઃ- પ્રાન્ત અધિકારીને જરૂર જણાયે લાઈન ડીપાર્ટમેન્ટના તાલુકાકક્ષાના અધિકારીને તેઓના વિભાગના કામોના અનુસંધાને સમિતિની બેઠકમાં બોલાવી શકશે.**

**૨. ATVT યોજના કાર્યવાહક સમિતિની કામગીરીઃ-**

ATVT યોજના કાર્યવાહક સમિતિએ નીચે મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧) ATVT યોજના કાર્યવાહક સમિતિની બેઠક દર મહિને પ્રથમ અઠવાડીયામાં બોલાવવાની રહેશે. જેમાં સંબંધિત વિભાગોના અધિકારીઓશ્રીએ હવે પછી હાથ ધરવાના થતાં કામોની યાદી રજુ કરવાની રહેશે.

(૨) આ સમિતિએ તેના હાથ નીચેના ગામોની માહિતી ઉપલબ્ધ રાખવાની રહેશે. **(Village Profile)** જેવી કે, ગામની વસ્તી, સ્ત્રી/પુરૂષની સંખ્યા, શિક્ષિત/અશિક્ષિત, બીપીએલ, બેરોજગાર, ખેતમજુર, કારીગર વર્ગ, વિધવાઓ વગેરે ઉપરાંત માળખાકીય સવલતો ઉપલબ્ધ કરાવવાના ધ્યેયને ધ્યાને રાખીને ગામમાં હયાત રસ્તા, પીવાના પાણીની સવલતો, આરોગ્ય વિષયક

સુવિધાઓ, ચેક ડેમ, સીમ તળાવ, ખેત તળાવ, પુર સંરક્ષણ, પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ તેમજ શાળામાં કંપાઉન્ડ, ટોયલેટ બ્લોક વગેરે, વીજસુવિધા, લાઈબ્રેરી, ગટર અને પાણી નિકાલની સુવિધાઓ વગેરે માહિતી ઉપલબ્ધ રાખવાની રહેશે. જેના આધારે સમિતિએ તેઓની સમક્ષ રજુ કરવાના થતાં કામોની ચકાસણી કરીને મંજૂરી આપવાની રહેશે.

(૩) જે ગામો આવી માળખાકીય અને પાયાની જરૂરીયાતની સુવિધાથી વંચિત હોય તેને **ખાસ** અગ્રતા આપવાની રહેશે.

(૪) આ સમિતિને તાલુકામાં આવેલ અન્ય સમિતિઓએ કામોની યાદી મોકલી આપવાની રહેશે. આ સમિતિએ ઉપલબ્ધ થયેલ તમામ સમિતિઓના કામોની યાદીમાંથી કામોનું કોમન કન્વર્ઝન્સ/ડુપ્લીકેશન તથા ઓવરલેપીંગ નિવારી તાલુકાકક્ષાએ **Missing Link**ના કામો શોધી માર્ગદર્શક યાદી મુજબના માત્ર ન્યૂનત્તમ જરૂરીયાતના સામૂહીક વિકાસના ખૂટતાં કડીરૂપ કામો જેવાં કે **ગ્રામ્ય આંતરીક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાના નિકાલ માટેની યોજના, પીવાના પાણીની યોજના જેવા મુખ્ય આ ચાર કામો જ હાથ ધરવાના રહેશે, આ સિવાયના અન્ય કોઈ કામો હાથ ધરી શકાશે નહીં. આ કામો માટે ૧૦૦ ટકા સરકારી ફંડનો ઉપયોગ કરવાનો રહેશે. આ યોજના માટે કોઈ લોકફાળો મેળવવાનો રહેશે નહીં.**

(૫) આ સમિતિએ હાથ ધરવામાં આવતાં કામોનું સૌ પ્રથમ **M.G. Narega**/નાણાંપંચ/ન્યુ ગુજરાત પેટર્ન યોજના જેવી અન્ય યોજનાઓમાં **“ Convergence ”** થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૬) કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ જે કામો મંજુર થઈ શકે તેમ હોય તેવાં કામોનો આ યોજનામાં સમાવેશ કરી શકાશે નહીં. આ બાબતે સંબંધિત અધિકારીઓ પાસેથી જે તે કામ સંદર્ભે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ઉપલબ્ધ થઈ શકે તેમ નથી, તેવું પ્રમાણપત્ર આ સમિતિએ મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ જ આ સમિતિએ કામોની દરખાસ્તો તૈયાર કરવાની રહેશે.

(૭) આ સમિતિએ કોઈ પણ એક કામ વધુમાં વધુ રૂા.૫.૦૦ લાખની મર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.

(૮) <u>**આ સમિતિએ પસંદ કરેલા કામોની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા આયોજન અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. જિલ્લા આયોજન અધિકારીશ્રીએ આ કામો નિયત માર્ગદર્શક યાદી મુજબના છે કે કેમ તેની ચકાસણી કરીને જિલ્લા કલેકટરશ્રી મારફત જિલ્લાના માન.પ્રભારી મંત્રીશ્રીની મંજૂરી માટે મોકલી આપવાના રહેશે.**</u>

(૯) આ યોજના હેઠળ પ્રત્યેક વર્ષે મળનાર ગ્રાન્ટની મર્યાદામાં તાલુકાના ૧/૪ ગામોનો સમાવેશ થાય તે રીતે કામોની યાદી તૈયાર કરવાની રહેશે. પરંતુ શક્ય બને તો પ્રથમ વર્ષે તાલુકાના ૫૦ ટકા ગામોનો સમાવેશ  થાય તે રીતે આયોજન તૈયાર કરવાનું રહેશે.

## ૩. ATVT યોજના હેઠળ હાથ ધરવાના થતાં કામોઃ-

ATVT યોજના હેઠળ નીચે દર્શાવ્યા મુજબના કામો હાથ ધરવાના રહેશે.

(૧) આ યોજના હેઠળ હાથ ધરવાના થતા **પીવાના પાણીની યોજના, ગ્રામ્ય આંતરીક રસ્તાઓ, ગટર વ્યવસ્થા તથા ઘન કચરાનો નિકાલ** જેવા કામો વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ન્યૂનત્તમ જરૂરીયાત હેઠળની વિવેકાધીન જોગવાઈ સામે મંજુર કરવાપાત્ર કામો જ હાથ ધરવાના રહેશે. પરંતુ ઘનકચરાના નિકાલ બાબતે વિવેકાધીન જોગવાઈ હેઠળ ચોક્કસ કામોની યાદી નિયત કરવામાં આવેલ ન હોઈ, આવાં કામો બાબતે આ વિભાગના તા.૧૬-૭-૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫-ચ(પાર્ટ-૧)થી ધારાસભ્યશ્રીઓ જે મર્યાદામાં કામો સુચવી શકે છે, તે જ મર્યાદામાં આ ઠરાવથી નિયત કરેલ શરતોને આધીન કામો આ સમિતિ મંજુર કરી શકશે.

(૨) આ યોજના હેઠળ કોઇપણ ખાનગી માલિકીની જમીન/મિલ્કતમાં કે કોઇપણ પ્રકારના **NGO**/ખાનગી સંસ્થા/ટ્રસ્ટના કામો હાથ ધરી શકાશે નહીં.

(૩) આ યોજના હેઠળના કામો, જાહેર ઉપયોગીતા ધરાવતા સામુહિક વિકાસના કામો જ સરકારી/પંચાયત /નગરપલિકા હસ્તકની જમીન /મિલ્કતમાં જ હાથ ધરવાના રહેશે.

(૪) પ્રાંત અધિકારીશ્રીને આ ઠરાવના પારા-૪B હેઠળ ફાળવવામાં આવતી રૂા.૨૫.૦૦ લાખની વિવેકાધીન ગ્રાન્ટનો ઉપયોગ ATVT યોજના હેઠળ નિયત કરેલ ઉપર્યુકત ચાર કામો ઉપરાંત વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવેકાધીન જોગવાઈ મુજબના કામો પ્રાંત અધિકારીશ્રી મંજૂર કરી શકશે, ગ્રામસભા, માન. મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રીઓના સ્વાગત કાર્યક્રમ/લોકદરબાર કાર્યક્રમ, માન.પ્રભારી મંત્રીશ્રી/પ્રભારી સચિવશ્રી/કલેકટરશ્રીના ફેરણી પ્રવાસ દરમ્યાન મળેલ રજૂઆતો તેમજ તાલુકાના વિકાસથી વંચિત ગામોની જરૂરીયાતોને અગ્રતા આપવાની રહેશે. આ ગ્રાન્ટ પ્રાંત અધિકારીશ્રીએ સંબંધિત તાલુકામાં જ વાપરવાની રહેશે.

(૫) માર્ગદર્શક યાદી સિવાયના કામોની મંજૂરી માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની રહેશે.

## ૪. ગ્રાન્ટ ફાળવણીની પધ્ધતિઃ-

**(૧) આ યોજના હેઠળ મંજુર થયેલ રૂ.૩૭૫.૨૫ કરોડની ગ્રાન્ટની ફાળવણીની પધ્ધતિ નીચે મુજબ નિયત કરવામાં આવે છે.**

વર્ષ ૨૦૧૦-૧૧થી **Taluka Centric approch** અપનાવીને હાલ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ જે પધ્ધતિ મુજબ તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તે મુજબ આ યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

A- (૧) ૫૦ ગામવાળા ૫૦ તાલુકા, દરેક તાલુકાને રૂા.૧.૦૦ કરોડ, (રૂા.૫૦ કરોડ)

(૨) ૫૧-૧૦૦ ગામો ધરાવતા ૧૨૪ તાલુકા, દરેક તાલુકાને રૂા.૧.૨૫ કરોડ(રૂા.૧૫૫ કરોડ)

(૩) ૧૦૦ થી વધુ ગામો ધરાવતા ૪૯ તાલુકા, દરેક તાલુકાને રૂા.૧.૫૦ કરોડ(રૂા.૭૩.૫૦ કરોડ)

આમ, ઉપર મુજબ અમદાવાદ તથા સુરત સીટી તાલુકા સિવાયના કુલ ૨૨૩ તાલુકાઓને રૂા.૨૭૮.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીનું **" પત્રક-૧ ના કોલમ-૫"**

માં દર્શાવેલ છે, જે આ સાથે સામેલ રાખેલ છે. **<u>આ જોગવાઈ હેઠળના ATVT કાર્યવાહક સમિતિ દ્વારા ભલામણ</u>**

**<u>થયેલ કામોની મંજુરી પ્રાંત અધિકારીશ્રીએ જિલ્લા આયોજન અધિકારીશ્રી તથા કલેકટરશ્રી મારફત</u>**

**<u>માન.પ્રભારી મંત્રીશ્રીની મંજુરી મેળવવાની રહેશે</u>**. જિલ્લા આયોજન અધિકારીશ્રીએ કામો યાદી મુજબના છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

**B-** તાલુકા દીઠ રૂા.૨૫ લાખની રકમ સંબંધિત પ્રાંત અધિકારીના હવાલે સ્થાનિક જરૂરીયાતના આ ઠરાવના પારા-૩(૪)માં દર્શાવ્યા મુજબના કામો હાથ ધરવા વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

ઉપર્યુકત ગ્રાન્ટ ફાળવણી ધ્યાને લેતાં ૨૨૩ તાલુકાના સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને રૂા.૫૫.૭૫ કરોડની જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીનું " **<u>પત્રક-૧</u> ના કોલમ-૬** " માં દર્શાવેલ છે, જે આ સાથે સામેલ રાખેલ છે.

**C-** ૪૧ વિકાસશીલ તાલુકાઓ, દરેકને રૂા. ૧.૦૦ કરોડ લેખે રૂા. ૪૧.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. **<u>પ્રભારી સચિવશ્રીઓ તેમને ફાળવેલ રકમમાંથી માનવ વિકાસ સૂચકાંક સાથે સંકળાયેલ કામો સિવાયના વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવતાં સ્થાનિક વિકાસના ન્યૂનત્તમ જરૂરીયાતના વિવેકાધીન જોગવાઈ હેઠળના કામો મંજુર કરી શકશે</u>**. આ કામો **<u>પ્રાંત અધિકારીશ્રીએ જિલ્લા આયોજન અધિકારીશ્રી મારફત પ્રભારી સચિવશ્રીની મંજુરી મેળવીને</u>** તેનું અમલીકરણ તથા મોનીટરીંગ હાથ ધરવાનું રહેશે. **<u>જિલ્લા આયોજન અધિકારીશ્રી</u>**એ કામો માર્ગદર્શક યાદી મુજબના છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે. જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીનું " **<u>પત્રક-૨ના કોલમ-૪માં</u>** " દર્શાવેલ છે, જે આ સાથે સામેલ રાખેલ છે.

(૨) આ યોજના હેઠળની ગ્રાન્ટ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જિલ્લા કલેકટરશ્રીના હવાલે મુકવામાં આવશે. **પારા-3A** હેઠળની ગ્રાન્ટ માન. પ્રભારી મંત્રીશ્રીની મંજુરી મળ્યા બાદ સંબંધિત તાલુકાની ગ્રાન્ટ કલેકટરશ્રી દ્વારા મંજુર થયેલ કામોની રકમની મર્યાદામાં સંબંધિત પ્રાન્ત અધિકારીશ્રીને ફાળવી આપવાની રહેશે. પ્રાંત અધિકારીશ્રી દ્વારા વહીવટી મંજુરી સાથે સંબંધિત કામની ગ્રાન્ટ અમલીકરણ અધિકારીશ્રીના હવાલે મુકવાની રહેશે. **પારા-3B** હેઠળની ગ્રાન્ટ પ્રાંત અધિકારીશ્રીએ પ્રાથમિક મંજુરી આપ્યા બાદ તેની જાણ કલેકટરશ્રીને કરી કલેકટરશ્રી પાસેથી મંજુર થયેલ કામોની રકમની મર્યાદામાં ગ્રાન્ટ મેળવી લેવાની રહેશે. અને વહીવટી મંજુરી સાથે સંબંધિત કામની ગ્રાન્ટ અમલીકરણ અધિકારીશ્રીના હવાલે મુકવાની રહેશે. જયારે **પારા-3C** હેઠળની ગ્રાન્ટ પ્રભારી સચિવશ્રીની પ્રાથમિક મંજુરી મળ્યા બાદ સંબંધિત વિકાસશીલ તાલુકાની ગ્રાન્ટ કલેકટરશ્રી દ્વારા મંજુર થયેલ કામોની રકમની મર્યાદામાં સંબંધિત પ્રાન્ત અધિકારીશ્રીને ફાળવી આપવાની રહેશે અને પ્રાંત અધિકારીશ્રી દ્વારા વહીવટી મંજુરી સાથે સંબંધિત કામની ગ્રાન્ટ અમલીકરણ અધિકારીશ્રીના હવાલે મુકવાની રહેશે.

## ૫. અમલીકરણ હિસાબી, ઓડીટ અને સંબંધિત અન્ય સુચનાઓઃ-

(૧) નિયમાનુસાર કામોની મંજુરી મળ્યા બાદ આ કામોનું અમલીકરણ સરકારશ્રીની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ પ્રાંત અધિકારીની કચેરીએ હાથ ધરવાનું રહેશે. તે માટે જરૂરી નકશા-અંદાજો તૈયાર કરવા તથા તાંત્રિક મંજુરી માટેની કામગીરી નિયમાનુસાર સંબંધિત તાલુકાના નિયત તાંત્રિક સ્ટાફ પાસે હાથ ધરાવવાની રહેશે. કામોની વહીવટી મંજુરી સરકારશ્રીની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ પ્રાંત અધિકારીની કચેરીએ આપવાની રહેશે.

(૨) આ કામગીરીના અનુસંધાને એ.જી.ના ઓડીટ અને હિસાબી પ્રક્રિયામાં જો કોઇ પારા ઉપસ્થિત થાય તો તેની સ્પષ્ટતા સહિત નિવારણ કરવાની જવાબદારી પ્રાન્ત અધિકારીશ્રીની રહેશે અને તેનું સંકલન જિલ્લા આયોજન અધિકારીશ્રીએ કરવાનું રહેશે.

## ૬. મોનીટરીંગ સંબંધિત સુચનાઓઃ-

(૧) આ યોજના હેઠળ હાથ ધરવામાં આવતાં કામોનું મોનીટરીંગ પણ સરકારની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ પ્રાંત અધિકારીની કચેરીએ હાથ ધરવાનું રહેશે. દર માસે તેની સમીક્ષા **ATVT** કાર્યવાહક સમિતિએ હાથ ધરવાની રહેશે. સમગ્ર કાર્યવાહીનું મોનીટરીંગ પણ આ સમિતિએ કરવાનું રહેશે. આ અંગેની માહિતી પ્રાંત અધિકારીશ્રીએ જિલ્લા આયોજન અધિકારીશ્રીને દર માસે મોકલી આપવાની રહેશે.

(૨) પ્રાંત અધિકારીશ્રીને આ ઠરાવના પારા-૪B હેઠળ ફાળવવામાં આવતી રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટમાંથી પારા-૩(૪)માં દર્શાવ્યા મુજબ હાથ ધરેલ કામોની ATVT કાર્યવાહક સમિતિની બેઠકમાં સમીક્ષા કરવાની રહેશે,

(૩) આ સમિતિના સુપરવીઝનની સંપૂર્ણ જવાબદારી કલેકટરશ્રીની રહેશે. જેમાં જરૂર જણાયે પ્રભારી મંત્રીશ્રીનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

(૪) આ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ વિકાસના કામો, થયેલ ખર્ચ, વણવપરાયેલ રકમ વગેરે અંગેની કામગીરીના માસિક પ્રગતિ અહેવાલ તેમજ ગ્રાન્ટ વપરાશ અંગેનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા આયોજન અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે. જિલ્લા આયોજન અધિકારીશ્રીએ આ અંગેનું સંકલન કરવાનું રહેશે અને સંકલિત ત્રિમાસિક માહિતી સામાન્ય વહીવટ વિભાગ-ય-૧ શાખાને મોકલી આપવાની રહેશે.

(૫) દરેક જિલ્લા આયોજન અધિકારીશ્રીએ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવાની થતી વિનિયમનની કામગીરી અન્વયે દર માસે ૧૫ કામોનું વિનિયમન હાથ ધરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ૧૫ કામોના વિનિયમન દરમિયાન **ATVT યોજના હેઠળ થયેલ કામોનું વિનિયમન પણ આ કામોની સંખ્યાની મર્યાદામાં હાથ ધરવાનું રહેશે અને તે પત્રકમાં અલગથી દર્શાવવાનું રહેશે.**

(૬) દરેક જિલ્લા આંકડા અધિકારીશ્રીએ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવાની થતી વિનિયમનની કામગીરી અન્વયે દર માસે ૧૦ કામોનું વિનિયમન હાથ ધરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ૧૦ કામોના વિનિયમન દરમિયાન **ATVT યોજના હેઠળ થયેલ કામોનું વિનિયમન પણ આ કામોની સંખ્યાની મર્યાદામાં હાથ ધરવાનું રહેશે અને તે પત્રકમાં અલગથી દર્શાવવાનું રહેશે.**

૭. પ્રસ્તુત ગ્રાન્ટ અન્વયે હાથ ધરવાની કાર્યપધ્ધતિની અન્ય બાબતો સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ/હુકમો/સુચનાઓ મુજબ રહેશે.

૮. આ યોજના હેઠળનો ખર્ચ વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં **માંગણી ક્રમાંકઃ-૩૫, મુખ્યસદર ૪૫૧૫, અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો અંગે મૂડી ખર્ચ જોગવાઈ હેડ ચાર્જેબલ ૪૫૧૫ ૦૦ ૧૦૨ ૦૮-ડીડીપી-૦૯ આપણો તાલુકો વિકાસ યોજના( આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના)(Planning code 116859)** હેઠળ ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૯. આ કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ નાણા વિભાગ દ્વારા મળતી ગ્રાન્ટના સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગ/લ-શાખા દ્વારા પ્રમાણસર **(Proportionate)** સંબંધિત કલેકટરશ્રીઓને ફાળવણી કરવામાં આવશે.